# હાદી

માસિક

બાળકો અને નવયુવાનો માટે

રબીઉસ્સાની,
હીજરી સન ૧૪૩૫,
ફેબ્રુઆરી/માર્ચ-૨૦૧૪

અંક
૬૫




રૂા.
30/-

# અલીનો શીઆ

(હપ્તો-૧૨મો)

## આજ્ઞા અને મનાઈહુકમ (અમ્ર અને નહી) ઉપર અમલ કરનાર :

એક વ્યક્તિ ઈમામ હસન અ.સ. પાસે આવ્યો અને તેણે કહ્યું "હું આપનો શીઆ છું." આપ અ.સ.એ તે વ્યક્તિને ફરમાવ્યું "હે ખુદાના બંદા! જો તું અમારી આજ્ઞાઓનું પાલન કરતો હોય અને અમે જે કાર્યોની મનાઈ કરીએ છે તેવા કાર્યો તું ન કરતો હોય તો તું (તારા દાવામાં) સાચો છે. પરંતુ તારૂ આચરણ તેનાથી વિરૂધ્ધ હોય તો એવા મહાન દરજ્જાનો દાવો કરીને (કે હું આપનો શીઆ છું) પોતાના ગુનાહોમાં વધારો કરીશ નહીં. કે જેને (જે મહાન દરજ્જાને) તું લાયક નથી. તેથી તું "હું આપનો શીઆ છું" એવું ન કહે પરંતુ એવું કહે કે આપનો ચાહવાવાળો છું, આપનો મિત્ર છું અને આપના શત્રુઓનો શત્રુ છું. જો તમે આવું કહેશો તો જ તમે એક સારા વ્યક્તિ ગણાશો. અને તમે સદ્‌ગુણો-સારાપણા પ્રત્યે અનુરાગ ધરાવો છો તેવું ગણાશે. (મીઝાનુલ હિકમત-ભા-૬)

## એકાંતમાં પણ ખુદાની બીક :

ઈમામ મુસિયે કાઝિમ અ.સ.એ ફરમાવ્યું છે કે "જે વ્યક્તિ એકાંતમાં પણ ખુદાની બીક ન રાખતો હોય તે અમારો શીઆ નથી." (બસાએ-રૂદ-દર્જાત)



E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم


**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

**મુખ્ય તંત્રી :**

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

**કાર્યવાહક તંત્રી :**

**સૈયદ મોહમ્મદ અખ્તર**

**સહાયકો :**

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

**અનુવાદક :**

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

**શુષોભન :**

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in


# રબીઉસ્સાની, હીજરી સન ૧૪૩૫, ફેબ્રુઆરી/માર્ચ-૨૦૧૪

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

આપનું પોતાનું આ સામયિક સંપૂર્ણ ચમક-દમક સાથે પોતાનો પ્રવાસ ખેડી રહ્યું છે અને તે આપની ભરપુર સહાયતાને કારણે જ શકય બન્યું છે.

રબીઉસ્સાની માસ આપણા માટે એક ખૂબ જ મોટી ખુશાલી લઈને આવે છે. આ માસમાં આપણા અગ્યારમાં ઈમામ અને ઈમામતની શ્રૃંખલાની અગ્યારમી કડીનો પુણ્યશાળી જન્મ થયો હતો.

આ ખુશાલી આપણાં માટે એ કારણે પણ વધારે મહત્વની છે કેમકે આપના સાચા ઉત્તરાધિકારી અને આપના મહાન સુપુત્ર એટલે કે આપણાં ઈમામે ઝમાના (આપણાં યુગના ઈમામ) અજ.ની સેવામાં આપણે તેઓના મહાન પિતાના પુણ્યશાળી જન્મની મુબારકબાદ આપવાનું સદ્‌ભાગ્ય આપણને સાંપડયું છે. મારા વ્હાલા યુવાનો અને બાળકો ! આપણે આ પ્રસંગે ખૂબ જ મોટા પ્રમાણમાં જશ્ન અને મહેફીલોનું આયોજન કરવું જોઈએ અને આપણાં સદ્‌કાર્યો તેમજ સદ્‌ચારિત્ર થકી મુબારકબાદ પેશ કરવી જોઈએ અને તે જ ખરી મુબારકબાદ છે.

અને આ ગર્વ ફક્ત આપણે જ લઈ શકીએ તેમ છીએ કેમકે ફક્ત આપણે જ એવી દ્રઢ માન્યતા ધરાવીએ છીએ કે આપણાં કાયમ ઈમામ અજ. ગૈબના પરદામાં આપણી મુબારકબાદી સ્વીકારવા માટે મોજુદ છે.

અમને પોતાની દુઆઓમાં જરૂર યાદ રાખજો.

વસ્સલામ


**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

E-mail : hadimasik@yahoo.com

Website : www.hadikids.org

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

# એક વિચિત્ર અને નવાઈ પમાડે તેવી તૌબા




પયગમ્બરે અકરમ સ.અ.વ.ના યુગમાં મદીના મુનવ્વરામાં એક એવો વ્યક્તિ રહેતો હતો જે જાહેરમાં (દેખીતી રીતે) તો ખૂબ ભલો અને સદ્‌ચારિત્રવાળો એટલે કે ઈમાનવાળાઓની વચ્ચે કોઈ દુર્લભ અને પ્રખ્યાત વ્યક્તિ હોય તેવી નેક વ્યક્તિ તરીકે જાણીતો હતો, પરંતુ કયારેક તે વ્યક્તિ રાત્રે ચોરી-છુપીથી લોકોને ત્યાં ચોરીઓ કરતો હતો.

એક રાત્રે એવું બન્યું કે તે ચોરી કરવા માટે એક ઘરની દિવાલ કુદીને અંદર સંતાઈને પ્રવેશ્યો તો તેણે જોયું કે ઘરમાં ખૂબ જ વધારે ધન-દૌલત છે અને ત્યાં એક યુવાન છોકરી સિવાય બીજું કોઈ પણ નથી.

તે વ્યક્તિ તો મનમાં હરખાયો કે આજે મને બેવડો લાભ મળશે. એક તો આ બધો કીમતી માલ હું ચોરીને લઈ જઈ શકીશ અને સાથે આ યુવતીનો સાથ માણવાનું પણ મળશે. તે આવા વિચારોમાં જ હતો કે એકાએક તેના મનમાં ગેબી ઝબકારો થયો જેથી તેનું મન પ્રકાશિત થઈ ગયું અને તે ચિંતનમાં ડુબી ગયો કે આ બધા ગુનાહો આચર્યા પછી  મારે શું મૃત્યુને સન્મુખ નહીં થવું


E-mail : hadimasik@yahoo.com




પડે ? શું કયામતના દિવસે ખુદાવન્દે આલમ મારી પૂછપરછ નહીં કરે ? શું હું તે દિવસે આ ગુનાહોની સજા (અઝાબ)માંથી બચી જઈ શકીશ ?

તે દિવસે તો હું કેટલીયે દલીલો કરૂં તેમ છતાં ખુદાના ક્રોધનો ભોગ બનીને જ રહીશ અને હંમેશ માટે જહન્નમની અગ્નિમાં બળતો જ રહીશ. આવું બધું વિચારીને તે ખૂબ જ ચિંતિત થઈ ગયો અને કાંઈ કર્યા વગર જ તે ત્યાંથી પરત ફરી ગયો. સવાર થતાં જ તે પોતાના હંમેશ મુજબના જાહેરમાં જે દેખાવ કરતો હતો તેવા દેખાવ સાથે તે પયગમ્બરે અકરમ સ.અ.વ.ની સેવામાં હાજર થયો.

ત્યાં તેણે જોયું કે તે જેના ઘરમાં રાત્રે ચોરીના ઈરાદે દિવાલ કુદીને ઘુસ્યો હતો તે યુવતી જ પયગમ્બરે અકરમ સ.અ.વ.ની સેવામાં હાજર થઈ અને અરજ કરવા લાગી કે "હે અલ્લાહના નબી સ.અ.વ.! હું અવિવાહિત છું. મારા લગ્ન થયા નથી અને મારૂ કોઈ નથી. મારી પાસે ધન દોલત અને સંપત્તિ પણ ઘણી છે. મારો વિચાર લગ્ન કરવાનો નહોતો પરંતુ ગઈકાલે રાત્રે એક ચોર મારા ઘરની દિવાલ કુદીને પ્રવેશ્યો હતો. જો કે તે કાંઈ લઈ ગયો નથી. પરંતુ હું ખૂબ જ ડરી ગઈ છું અને હવે ઘરમાં એકલા રહેવાની મારામાં હિંમત રહી નથી, તેથી મારી આપને વિનંતી કે આપ મારા માટે કોઈ યોગ્ય વર શોધી આપો."

આપ હઝરત સ.અ.વ.એ પેલા ચોરની તરફ ઈશારો કરીને કહ્યું કે "જો તું ઈચ્છતી હોય તો હું અત્યારે જ આની સાથે તારો નિકાહ પઢાવી દઉં." તે




યુવતીએ કહ્યું "આપને યોગ્ય લાગતું હોયતો હું આ બાબતે ઈન્કાર કરતી નથી."

તેથી આપ હઝરત સ.અ.વ.એ તે જ વખતે તે બંનેના નિકાહ કરી આપ્યા. અને તે બંને તે યુવતીના ઘરે આવી ગયા. તે પછી તે વ્યક્તિએ રાત્રીનો આખો પ્રસંગ તે યુવતીને કહી સાંભળાવતા કહ્યું કે તે રાત્રે જો તેણે અલ્લાહની બીક નહીં રાખીને ચોરી કરી હોત અને તારી સાથે અનૈતિક સંબંધ બાંધ્યો હોત તો મેં ચોરીનો ગુનાહ પણ કર્યો હોત અને તારી સાથે અનૈતિક સંબંધ બાંધવાનો મોટો ગુનાહ (ગુનાહે કબીરા) પણ કર્યો હોત. તેમ છતા પણ આ અનૈતિક સંબંધ ફક્ત એક રાત્રીથી વધારે ન હોત, અને તે પણ હરામ કામ દ્વારા. જેને પરિણામે હું આખેરતના જીવનમાં જહન્નમનો જ હક્કદાર બન્યો હોત. પરંતુ કેમકે ગઈ રાત્રે મેં ખુદાની બીક રાખી - કયામતના દિવસને યાદ કરીને અને ગુનાહ આચરવાની બાબતે મનને અંકુશમાં લઈને ખુદાએ હરામ ઠરાવેલા કાર્યથી હું અલિપ્ત રહ્યો તેથી ખુદાવન્દે આલમે પણ મારા ઉપર દયા રાખી અને ગઈ રાત્રે દિવાલ કુદીને જે ઘરમાં ઘુસ્યો તે ઘરના પ્રવેશદ્વારથી આ ઘરમાં પ્રવેશ્યો છું, અને એક રાત્રીને બદલે આખી જીંદગી હું તારી સાથે વિતાવીશ.

(અસરારે - મેઅરાજ - ભા-૧-પા.૨૮ ના સંદર્ભ સાથે તૌબા-આગાશે રેહમત નામના પુસ્તકના પા.નં. ૨૮ ઉપરથી અવતરણ)





# ખૂને હુસૈન અ.સ.નો બદલો

**૧-રબીઉસ્સાની** આપણાં ત્રીજા ઈમામની કરબલાના મેદાનમાં કરૂણ શહાદત પછી તેમના કતલ કરનારાઓથી તેમના ખૂનનો બદલો લેવા માટેની જાહેરાત ઈમામના ચાહવાવાળાઓએ આજના દિવસે સને ૬૫ હિજરીમાં કરી હતી અને ક્રાંતિ માટે તેઓએ કમર કસી હતી. આ લોકોના આગેવાન સુલેમાન બિન સુરદ હતાં.

**૧૪-રબીઉસ્સાની** સને ૬૭ હિજરીમાં આજના દિવસે ઈમામ હુસૈનના જનાબ મુખ્તાર નામના એક અત્યંત શૂરવીર ચાહકે ઈમામ હુસૈન અ.સ.ને શહીદ કરનારાઓ (કાતિલો)થી બદલો લેવાની જાહેરાત કરી હતી અને પોતાના સૈન્ય વડે ૧૮ હજાર મલઊનોને નર્કમાં મોકલી આપ્યાં હતાં. તેમના આ કાર્યથી એહલેબૈતના કુટુંબીજનો ઘણાં ખુશ થઈ ગયા હતાં અને આપણાં ચોથા-પાંચમાં અને છઠ્ઠા ઈમામો (અ.સ.)એ જનાબ મુખ્તારને આશિર્વાદ આપ્યાં હતાં.




# માઅસૂમએ કુમ(સલા.)ની શહાદત

**૧૦-રબીઉસ્સાની** સને હિજરી ૨૦૧માં આજના દિવસે આપણાં આઠમાં ઈમામના બહેન જનાબ માઅસૂમએ કુમ(સલા.)ની શહાદત થઈ હતી. આપ કુમ શહેરમાં દફન થયાં હતાં. કુમ શહેર વિશે આપણાં છઠ્ઠા ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું હતું કે “કુમ નાનું કૂફા છે અને જન્નતના આઠ દરવાજામાંથી ત્રણ દરવાજા કુમમાંથી શરૂ થાય છે. આ શહેરમાં મારી ઓલાદમાંથી એક સન્નારી દફન થશે. તેમનું નામ “ફાતિમા” હશે અને તે મુસા બિન જાઅફર (સાતમા ઈમામ)ની પુત્રી છે. તેમની “શિફાઅત”થી તમામ શીઆ જન્નતમાં દાખલ થશે.”

# આપણા શીઆઓના અકીદાઓ



(હપ્તો-૧૧)

અમો શીઆઓ - નમાઝ પઢીએ છીએ, રોજા રાખીએ છીએ, પોતાની સંપત્તિમાંથી ઝકાત અને ખુમ્સ આપીએ છીએ. મક્કએ મુકર્રમા જઈને જીવનમાં એક વખત વાજીબ છે તે હજ્જે બયતુલ હરામ કરીએ છીએ. તે સિવાય પણ મુસ્તહબ ઉમરાહ અને હજ અદા કરીએ છીએ. - સદકાર્યોની લોકોને પ્રેરણા આપીએ છીએ, અને અધર્મના (ખરાબ) કામોથી લોકોને રોકીએ છીએ. અવલિયાએ ખુદા અને રસૂલ સ.અ.વ.ને પ્રેમ કરીએ છીએ, અને ખુદા અને (તેના) રસુલ સ.અ.વ.ના શત્રુઓ પ્રત્યે વેરભાવ રાખીએ છીએ.

અલ્લાહના માર્ગે એવા દરેક નાસ્તિક અને વિધર્મીઓ સાથે જિહાદ (ધર્મયુધ્ધ) કરીએ છીએ કે જેમણે ઈસ્લામ ધર્મ વિરૂધ્ધ યુધ્ધની ઘોષણા કરી હોય અને એવા દરેક શાષક સાથે પણ યુધ્ધ કરીએ છીએ કે જે બળજબરીપૂર્વક મુસલમાનો ઉપર ચઢી બેઠો હોય (નોંધ : પરંતુ અમો આ કાર્ય-જિહાદ નબી સ.અ.વ. અને જે - તે યુગના ઈમામ-ઈમામે ઝમાનાની સંમતિ અને તેમની પરવાનગીથી જ કરીએ છીએ અને આજની પરિસ્થિતિમાં અત્યાચારીઓ સામે રક્ષણ માટે યુધ્ધ કરવાનો અધિકાર છે જ.)

અમો દીને ઈસ્લામ (કે જે દીને હનીફ - હઝરત ઈબ્રાહીમ અ.સ.નો ધર્મ છે.)નું અનુસરણ કરીને આપણા સઘળા સામાજીક આર્થિક અને ઘરેલુ કામકાજ કરીએ છીએ. દા.ત. વેપાર - ધંધો - લગ્ન - (નિકાહ) લગ્ન વિચ્છેદ (તલ્લાક) - વારસાઈ - બાળકોનું પાલનપોષણ અને (તેમનામાં) સંસ્કાર સિંચન - બાળઉછેર અને પડદો વિગેરેમાં.

અને આ બધાં જ કાર્યોના અહકામની જાણકારી - પરહેઝગાર વિદ્વાનો - કિતાબ (કુરઆન શરીફ) સાચી સુન્નત અને અહલેબૈત અ.સ.થી સાબિત થએલી હદીસો - બુધ્ધિ અને તર્ક અને સર્વસંમતિથી ગ્રહણ કરવામાં આવેલ અર્થઘટન દ્વારા મેળવીએ છીએ.

# પ્રાણીઓને રંજાડવા નહીં

ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે ‘વીતી ગયેલ કાળમાં બની ઈસ્રાઈલમાં એક વયોવૃધ્ધ વ્યક્તિ હતો જે ખૂબ જ વધારે બંદગી-ઈબાદત કરતો હતો અને તે પોતાની ઈબાદતને કારણે પ્રખ્યાત હતો.

એક દિવસ તે જ્યારે ઈબાદત કરતો હતો ત્યારે તેણે પોતાની પાસે બે બાળકોને જોયાં કે જેઓ એક પક્ષીને પકડીને લઈ આવ્યા હતાં, અને તેને ઈજા પહોંચાડતા હતા. અને તે બાપડો પક્ષી ઈજાની તકલીફને કારણે તરફડતો હતો.

નમાઝ (ઈબાદત) પત્યા પછી પણ તે વૃધ્ધ વ્યક્તિએ આ બાબત પ્રત્યે કોઈ ધ્યાન આપ્યું નહીં. તેણે બાળકોને પેલા પક્ષીને રંજાડતા અટકાવ્યા નહીં અને ફરી નમાઝમાં પરોવાઈ ગયો.





ખુદા તેના ઉપર ક્રોધીત થઈ ગયો અને પૃથ્વીને આજ્ઞા કરી કે (પૃથ્વી) તે વૃધ્ધ વ્યક્તિને પોતાની અંદર સમાવી લે. તરત જ પૃથ્વીએ તે વૃધ્ધ વ્યક્તિને પોતાની અંદર સમાવી લીધો અને તે હંમેશ માટે પૃથ્વીમાં ગરક થઈ ગયો.

આ પ્રસંગ પરથી એવો બોધપાઠ મળે છે કે અણસમજ બાળકોને ખોટા કાર્યો અને ગુનાહની પ્રવૃત્તિથી અટકાવીને તેમને તેવી બાબતો અંગે શિખામણ આપતા રહેવું ફરજિયાત છે, કેમકે કોઈ વ્યક્તિ ખુદાએ પેદા કરેલ જીવોની દરકાર નથી રાખતો તો આ સૃષ્ટીનો સર્જક ખુદા પણ તેના સારા કાર્યો પ્રત્યે ધ્યાન નથી આપતો અને તેની અનદેખી કરે છે. (મજમૂમ-એ-વરામ-ભા.ર. પા.૮૦)







# નમાઝ દ્વારા સમગ્ર સૃષ્ટિ ઉપર પ્રભુત્વની પ્રાપ્તિ

(ગયા અંકથી ચાલુ)

**છઠ્ઠુ ડગલું :** તકવા ધારણ કરનારા (પરહેઝગાર અને અલ્લાહની બીક રાખનારા લોકો) કે જેમનું અસ્તિત્વ અલ્લાહના દિવ્યપ્રકાશ (નુર)થી પ્રદિપ્ત હોય છે તેઓ (તો) દરેક નમાઝમાં એક-એક ડગલું આગળ વધતા હોય છે. નમાઝ તેમના માટે પુનરાવર્તન (રીપીટેશન) નથી પરંતુ સંપૂર્ણતા અને સર્વોચ્ચતા છે. એક નીસરણીના બધાં પગથીયા એક જેવા જ હોય છે. પરંતુ નીસરણીનું દરેક પગથીયું ચઢનારને ઉપર લઈ જાય છે અને જ્યારે કોઈ માણસ કુવો ખોદતો હોય છે ત્યારે તે સતત કોદાળીથી જમીન ખોદતો રહે છે એટલે કે એકના એક કામનું જ પુનરાવર્તન કરતો રહે છે. પરંતુ હકીકતમાં તે જ્યારે જ્યારે પણ કોદાળી ચલાવીને જમીન ખોદે છે ત્યારે વધારે ને વધારે ઉંડો ઉતરીને કુવામાંથી પાણી મેળવવાના પોતાના લક્ષ્યની પ્રાપ્તિની દિશામાં આગળ વધતો હોય છે.

નમાઝની રકાતો (રકઅતો) દેખીતી રીતે તો પુનરાવર્તિત થતું કાર્ય છે. પરંતુ ખરેખર તો એ સર્વોચ્ચતાના શિખરની પ્રાપ્તિ માટેના પગથિયા છે. અને અઈમ્મા અને અલ્લાહની ઓળખ (માઅરેફત)નું ઊંડાણ છે.

નમાઝ પઢવાવાળો કદીયે એવું ઈચ્છતો નથી કે તેની જીંદગી શયતાનના ચરવાનું સ્થાન બને અને તેની ઠોકરોમાં રહે.

ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. દુઆએ "મકારેમુલ અખલાક"માં ખુદા પાસે એવી જ યાચના કરે છે કે "હે ખુદા ! જો મારી જીંદગી શયતાનના ચરવાનું સ્થાન બનવાની હોય તો તેને ખત્મ કરી દે.

એક માત્ર શયતાન નહીં પરંતુ કયારેક વહેમો અને કુવિચારો પણ મનુષ્યની આત્માને પાયમાલ કરી નાંખતા હોય છે અને મનુષ્યને સત્ય અને તેના કર્તવ્યથી વિમુખ કરી દે છે.

મનુષ્ય જ્યારે અલ્લાહના દિવ્યપ્રકાશ (નુર) અને અલ્લાહની સંપૂર્ણ ઓળખ (આગાહી) પ્રાપ્ત કરી લે છે ત્યારે તે સંપૂર્ણ જાણકારીવાળી અને અલ્લાહ પ્રત્યેના તેના સંપૂર્ણ પ્રેમભાવથી સભર નમાઝ વડે પોતાના મન (અંતર આત્મા) ઉપર પ્રભુત્વ મેળવી લે છે. અને પોતાની આત્મા અલ્લાહની ઈચ્છા (રિઝાએ ઈલાહી)ના તાબે કરીને પોતાના મન (દુષ્ટ મન) પર સંપૂર્ણ કાબુ મેળવી લે છે. અને તે પછી તે સમગ્ર સૃષ્ટીનો પણ શાસક થઈ જાય છે. તેની દુઆઓ કબુલ થાય છે અને તે રીતે તે ખુદાઈ કાર્યો કરે છે.





# તકલીદ

## ઈસ્લામની આજ્ઞાઓનું શિક્ષણ

## અનુસરણ – તકલીદ

**ઈસ્લામની આજ્ઞાઓને જાણીને તેના ઉપર અમલ કરવાનો સરળ માર્ગ-અનુસરણ તકલીદ છે.**

**તકલીદનો અર્થ :** અનુસરણ કરવું - કોઈની પાછળ પાછળ ચાલવું. - પરંતુ અત્રે તકલીદનો અર્થ "ફકીહ" (ઈસ્લામના ધર્મશાસ્ત્ર-ફિકહ-ના પુરેપુરા જાણકાર વિદ્વાન)નું અનુસરણ કરવું. -ઈસ્લામની આજ્ઞાઓની બાબતમાં તેમના મત પ્રમાણે વર્તવું તે છે. એટલે કે પોતાના કાર્યોને મુજતહિદના ફતવા (મુજતહિદની આજ્ઞા-અર્થઘટન-મત) પ્રમાણે પરિપૂર્ણ કરવા તે.

૧. જે વ્યક્તિ પોતે મુજતહિદ ન હોય અને અલ્લાહની આજ્ઞા અને તેના કાયદા કાનુનો (દસ્તુર)ને પુરેપૂરી રીતે જાણી અને પોતાની રીતે સ્વયં સમજી શકે તેમ ન હોય તેવી વ્યક્તિએ તકલીદ કરવી જરૂરી છે.

૨. દીનના અહકામ (ઈસ્લામ ધર્મની આજ્ઞાઓ)માં મોટા ભાગના લોકો માટે "તકલીદ" કરવી તે ફરજીયાત છે. કેમકે ઈસ્લામની આજ્ઞાઓને સ્વયં સારી રીતે સમજીને તેનું અર્થઘટન કરી શકે તેવી વ્યક્તિઓ ઘણી ઓછી હોય છે.



3. જે મુજતહિદની બીજાઓ તકલીદ કરે છે તેમને મરજએ તકલીદ કહેવામાં આવે છે.

## મુજતહિદની શરતો :

૧. આદિલ હોય - આદિલ એવી વ્યક્તિને કહેવામાં આવે છે કે જે "તકવા" અને પરહેઝગારીના એવા દરજ્જા ઉપર પહોંચી ગયેલ હોય કે તે તમામ વાજિબ આઅમાલ-કાર્યો (વાજિબાત)ને અદા કરતો હોય અને ગુનાહોથી દૂર રહેતો હોય. ગુનાહાને કબીરા (ભારે મોટા ગુનાહો) થી સંપૂર્ણપણે દૂર રહેવું અને ગુનાહાને સગીરા (નાના-નાના ગુનાહો)ના પુનરાવર્તનથી બચીને રહેવું તે આદિલ હોવાની નિશાની છે.

૨. શીઆ ઈસ્નાઅશરી હોય

૩. જીવિત હોય

૪. એહતિયાતે વાજિબ (એટલે કે ફરજિયાત રીતે સાવચેતી રાખવી જોઈએ તેવી બાબત)ની દ્રષ્ટીએ એવો વ્યક્તિ કે સર્વશ્રેષ્ઠ જ્ઞાની - વિદ્વાન (આલમ) હોય અને સાંસારિક મોહ-માયામાં પડેલો ન હોય.

૫. પુરૂષ હોય.

૬. પુખ્ત વયનો હોય

## ધ્યાનાકર્ષક બાબતો :

૧. અહકામે તકલીદનો અર્થ - વાજિબ-હરામ-મુસ્તહબ-મકરૂહ અને મુબાહ છે.

૨. તકલીદ એટલે મુજતહિદના ફતવા ઉપર અમલ કરવો.

૩. જીવિત મુજતહિદની પરવાનગીથી અવસાન પામેલ મુજતહિદની તકલીદ પર બાકી રહેવામાં કંઈ વાંધાજનક નથી.

૪. જે વ્યક્તિ અવસાન પામેલ મુજતહિદની તકલીદ ઉપર બાકી રહે તેણે પણ નવી બાબતો-સમસ્યાઓની બાબતે તો જીવિત મુજતહિદની જ તકલીદ કરવી જોઈએ.



૫. દરેક વ્યક્તિ પોતે કોની તકલીદ કરવી તે નક્કી કરવાની બાબતે સ્વતંત્ર છે. આ મુદ્દા અંગે તે અન્ય કોઈને આધીન નથી.

# અંજીર

જનાબ અબૂઝરે ફરમાવ્યું છે કે "પયગમ્બરે અકરમ સ.અ.વ.ની સેવામાં એક વખત એક રકાબીમાં અંજીર લાવવામાં આવ્યાં ત્યારે આપ હઝરત સ.અ.વ.એ પોતાના સાથીઓ (અસહાબ)ને ફરમાવ્યું "અંજીર ખાઓ કેમકે આ જન્નતનો મેવો (ફળ) છે. અને ગર્ભ વગરનું ફળ છે. આને ખાઓ કે આ બવાસીર (હરસ-મસા) અને પગના આંગળા વગેરેમાં પડતી ગાંઠમાં લાભદાયક છે."

પયગમ્બર અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે "તાજા અને સૂકા અંજીર ખાવા જોઈએ. આ બવાસીર (હરસ-મસા)નો જડમૂળમાંથી નાશ કરે છે. શીતલતાને દૂર કરે છે. મોઢાની દુર્ગંધને દૂર કરે છે. હાડકાને મજબૂત કરે છે અને પીડાનાશક છે.





E-mail : hadimasik@yahoo.com



# ગાજર

ઈમામ સાદીક અ.સ.એ ફરમાવ્યું છે કે "ગાજર બવાસીર (હરસ-મસા)ની પીડામાં લાભકારક છે."

ગાજર શરીરમાં શક્તિ અને ઉષ્મા આપે છે. જો તે પચાવી શકાય તેમ ન હોય તો તેને બાફીને ખાવા જોઈએ.

# કોબીજ

રસૂલે ખુદા સ.અ.વ.એ ફરમાવ્યું છે કે "કોબીજ ખાવી જોઈએ કેમકે તે ઉંઘ માટે લાભકારક છે અને ભોજનને પચાવે છે."

ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે "કોબીજ ખાવી જરૂરી છે કેમકે તે રક્તને શુધ્ધ કરે છે."

ઈમામ રિઝા અ.સ.એ ફરમાવ્યું છે કે "સૌથી શ્રેષ્ઠ શાકભાજી કોબીજ અને કાસની (એક પ્રકારનું ઘાંસ) છે."



# પ્રશ્ન અને જવાબ




**પ્રશ્ન :** જ્યારે કોઈ વ્યક્તિ પર અમ્ર-બિલ-માઅરૂફ (સારા કાર્યોની આજ્ઞા-સારા કાર્યો પ્રત્યે કોઈને આકર્ષવું તે) અને નહી અનિલમુન્કર (ખરાબ-ગુનાહિત કાર્યોથી કોઈને અટકાવવા પ્રયત્ન કરવો તે) ની અસર થતી ન હોય તો શું કરવું જોઈએ ?

**જવાબ :** સૌ પ્રથમ તો એ કે તમારા સિવાય બીજો કોઈ વ્યક્તિ આ કાર્ય સારી રીતે કરી શકે તેમ હોય તો તે વ્યક્તિને આ કાર્ય કરવા જણાવવું (વિનંતી કરવી) જોઈએ. દા.ત. જ્યારે ખુદાવન્દે આલમે હઝરત મૂસા અ.સ.ને ફરમાવ્યું કે "જઈને ફિરઓનને સત્યના માર્ગની પ્રેરણા (હિદાયત) આપો." ત્યારે જનાબ મૂસા અ.સ.એ ખુદાવન્દે આલમની સેવામાં અરજ ગુજારી કે "મારા ભાઈ હારૂનને મારી સાથે મોકલો કે જેની વાણી મારા કરતા વધારે વાકચાતુર્યવાળી (એટલે કે આ માર્ગદર્શનના કાર્યને વધારે સારી રીતે કરી શકે તેવી) છે. (સૂરએ કસસ-૩૪)

**બીજું એ કે :** કયારેક એવું થાય છે કે એક વખતની શિખામણ પુરતો પ્રભાવ પાડી શકતી નથી. તેથી જુદી જુદી રીતે અને જુદા જુદા શબ્દોમાં તે એક જ વાતનું પુનરાવર્તન કરવું આવશ્યક હોય છે. દા.ત. ખુદાએ પોતે જ ફરમાવ્યું છે : "અમે અમારી વાતને જુદી-જુદી રીતે વર્ણવી છે (કે જેથી કરીને કદાચ પ્રભાવિત કરી જાય) (સૂરએ-બની ઈસ્રાઈલ-૪૧)

**ત્રીજુ એ કે :** શકય છે કે આપણી શિખામણની પધ્ધતિ યોગ્ય ન હોય તેને કારણે તે અસરકારક ન નીવડતી હોય કેમકે "અમ્ર-બિલ-માઅરૂફ" અને "નહી-અનિલ-મુન્કર" તેની શરતો અને નિયમો અનુસાર થવા જોઈએ. દરેક


E-mail : hadimasik@yahoo.com

આજ્ઞા અને ન કરવાની આજ્ઞા માટે પરિસ્થિતિ અને સંજોગોને અનુરૂપ નિયમો અને વિધીઓ પ્રસ્થાપિત થયેલ છે.

દા.ત. કોઈ વખતે તમારા વસ્ત્રોને ધુળ ચોંટી જાય છે તો કયારેક ધુમાડો તેમાં બેસી જાય છે. આ સંજોગોમાં ધુળને તો વસ્ત્રો પરથી હાથ વડે ખંખેરીને સાફ કરી શકાય છે. પરંતુ જો વસ્ત્રો ઉપર ધુમાડો જામી ગયો હોય તેને પણ આવી રીતે હાથ વડે ખંખેરવા પ્રયાસ કરવામાં આવે તો આપનો હાથ પણ ગંદો થઈ જશે અને વસ્ત્ર પણ, તેવી જ રીતે સદ્કાર્યોથી દૂર ભાગવાવાળા અને દુષ્ટ કાર્યો કરવાવાળા દરેક વ્યક્તિની સાથે (તેની પ્રકૃતિ સાથે મેળ ખાતી હોય તેવી) યોગ્ય પધ્ધતિથી વર્તવું પડશે. અને કુરઆનમાં પણ એ હકીકત જ વર્ણવવામાં આવી છે કે દરેક ઘરમાં તેના પ્રવેશદ્વારથી જ પ્રવેશવું જોઈએ. (સૂરએ બકરાહ-૧૮૯)

**ચોથુ એ કે :** કયારેક લોકોને હરામ (ગુનાહિત-અલ્લાહે જે કાર્યોની મનાઈ ફરમાવી હોય તેવા) કાર્યોથી બચાવવા માટે તેમના માટે હલાલ ( અલ્લાહે જેની પરવાનગી આપી હોય તેવા) માર્ગો ખોલી આપવા પડતા હોય છે. જ્યારે જનાબ લૂત અ.સ.એ જોયુંકે તેમની કોમના કેટલાંક લોકો તેમના મહેમાનોને કુદ્દષ્ટીથી જુએ છે ત્યારે જનાબ લૂત અ.સ.એ ફરમાવ્યું કે “મારી પુત્રીઓ તમારી સેવા માટે હાજર છે. હું તેમની સાથે તમારા લગ્ન કરાવી આપુ છું.” આમ કરીને તમો ગુનાહ કરવાથી પણ બચી જશો.



# ટુચકાઓ

એક કંજુસ માણસે પોતાની પરિસ્થિતિથી કંટાળીને આપઘાતનો નિશ્ચય કરી લીધો અને પોતાના એક મિત્રને પત્ર પણ લખી નાંખ્યો કે તે આપઘાત કરી રહ્યો છે.

થોડા દિવસ પછી તે મિત્ર તેને માર્ગમાં મળી ગયો. તે મિત્રએ આશ્ચર્યચકિત થઈને પુછયું : યાર ! તું તો આપઘાત કરવાનો હતો ને ?

તે કંજુસે કહ્યું : હા યાર ! મારો ઈરાદો તો એવો જ હતો. પરંતુ તે દિવસે જ ઝેરની કિંમતો વધી ગઈ હતી. તેથી મેં વિચાર્યું કે આપઘાત કરવા માટે આટલું મોંઘું ઝેર કેવી રીતે ખરીદી શકાય ! કિંમતો ઓછી થઈ જાય ત્યારે આપઘાત કરી લઈશ.

એક વૈજ્ઞાનિક : (પોતાની પત્નીને) હું તારા જન્મ દિવસે તને એક અનેરી ભેટ આપીશ.

પત્ની (ખૂબ ખુશ થઈને) : તમે મને શું ભેટ આપશો ?

વૈજ્ઞાનિક : એક નવા વિષાણુંની શોધ કરી છે. હું તે વિષાણુંનું નામ તારા નામ પ્રમાણે રાખી દઈશ.

શિક્ષક (વર્ગમાં) બાળકો ! મુસીબતમાં દરેકની વહારે જવું જોઈએ અને મદદ કરવી જોઈએ.

એક વિદ્યાર્થી : સાહેબ ! ગઈકાલે મેં એક માણસની મદદ કરી હતી.

શિક્ષક : શાબાશ ! કેવી રીતે ?

વિદ્યાર્થી : સાહેબ તે માણસ આવતા-જતા વાહનો વચ્ચેથી સડક પાર નહોતો કરી શકતો, મેં એક કુતરાને તેની પાછળ દોડાવ્યો તો તેણે તરત સડક પાર કરી લીધી.



# મગજ કસો





નીચે આપેલ બોક્ષમાં ૧૦ થી ૨૫માં આવતા અંકોને લઈ ઉભા અને આડા દરેક બાજુ થી ૭૦ નો આંક બનાવો.

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

દર્શાવેલ અંકોને પઝલમાં જરૂરીયાત મુજબ ગોઠવો.

| | |
|---|---|
| 10 | 19 |
| 10 | 20 |
| 10 | 20 |
| 13 | 20 |
| 15 | 21 |
| 16 | 23 |
| 16 | 24 |
| 18 | 25 |

દર્શાવેલ ૫ સર્કલમાંથી કયો સર્કલ બાજુમાં બતાવેલ ચિત્રમાં ખુટતો પીસ છે તે જણાવો.









# ઈમામ મહદી અજ.ની વાણી

**સૌથી શ્રેષ્ઠ અકીદો :** તમારા ઉપર એ ફરજ છે અને તમારા માટે એ લાભદાયી પણ છે કે તમો એ સત્યને સ્વીકાર કરો કે અમો એહલેબૈતે રસૂલ સ.અ.વ. (ઉમ્મત) લોકોના આગેવાનો-માર્ગદર્શક અને અમો જ તમામ બાબતોનો પાયો અને ધરી છીએ. અલ્લાહે બનાવેલી સૃષ્ટી ઉપર તેના દ્વારા નિયુક્ત દેખરેખ રાખનાર છીએ. અમો (જ) હલાલ અને હરામ જાણીએ અને સમજીએ છીએ, અને અમને જ કુરઆન શરીફના અર્થઘટનનું જ્ઞાન છે. (તફસીરે-અયાશી-ભા-૧-પા.૧૬-બિહારુલ અન્વાર-૮૯, પા.૯૬-હદીસ ૫૮)





E-mail : hadimasik@yahoo.com

**ઝમાનએ ગયબતના શાસક માટે ફરમાવ્યું છે કે :-**

(રાજનૈતિક આર્થિક - સાંસ્કૃતિક - સામાજીક બાબતો અંગે તમને જે સમસ્યાઓ આવે તે પ્રસંગોએ અમારી હદીસોનું વર્ણન કરનારાઓ એટલેકે ધર્મશાસ્ત્રના જાણકારો (ફકીહ) પાસેથી માર્ગદર્શન મેળવો કેમકે તેઓ ઝમાનએ ગયબતમાં તમારા ઉપર અમારી દલીલ છે અને અમો તેમના ઉપર ખુદાની દલીલ છીએ (વસાએલુશ્શીઆ - ભા.૧૮ - પા.૧૦૧)

**શીઆઓના રક્ષણની બાબતે ફરમાવ્યુ છે કે :-**

હું નબીયે અકરમ સ.અ.વ.નો અંતિમ વસી (પ્રતિનિધી) અને "ખાતેમુલ અવસિયા" છું. મારા સદકામાં મારા કુટુંબીજનો અને મારા શીઆઓ ઉપરથી મુસીબતો અને આફતો દૂર થઈ જાય છે. (કમાલુદ્દીન- ભા.૨ - પા.૪૪૧)



# આર્ટ ગેલેરી

**વહાલા બાળકો, આપેલ ચિત્રને રંગ પૂરીને સુંદર બનાવો.**

૧



૨



૩



૪



૫



૬







# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**











E-mail : hadimasik@yahoo.com










E-mail : hadimasik@yahoo.com

# સફળતાની ૨૫ ચાવીઓ

ઈમામ સાદિક અ.સ.થી રિવાયત છે કે :-

૧. મેં સ્વર્ગ (જન્નત)ને શોધી : તો તેને દાનવીર વૃત્તિ અને શુરવીરતામાં જોઈ.

૨. મેં સલામતીને શોધી : તો તે માન અને આદરમાં મળી.

૩. મેં કયામતના દિવસે મારા કાર્યો-કૃત્યોના ત્રાજવાના સદ્કાર્યોના પલ્લાના વજનને શોધ્યા : તો તે મને લાઈલાહ ઈલલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ (એટલેકે અલ્લાહના એક અને એક માત્ર હોવાના અને મુહમ્મદ સ.અ.વ. તેના રસૂલ હોવાના) એકરારમાં દેખાયો.





E-mail : hadimasik@yahoo.com



૪. મેં સરળતા અને ત્વરિત રીતે સ્વર્ગ (જન્નત)માં પ્રવેશવાનો માર્ગ શોધવા પ્રયત્ન કર્યો : તો તે મને નિઃસ્વાર્થ ભાવે કરેલા સદ્કાર્યોમાં દેખાયો.

૫. મેં મૃત્યુ સાથે પ્રેમ(મિત્રતા)ની પધ્ધતિ શોધવા પ્રયાસ કર્યો : તો તે મને ખુદાની પ્રસન્નતા મેળવવા માટે દાન આપવામાં જણાઈ આવી.



૬. મેં ઈબાદતમાં માધુર્ય શોધ્યુ : તો તે મને ગુનાહોને તજી દેવામાં દેખાયો.

૭. મેં હૃદય - મનની કોમળતા અને નરમાશ શોધી : તો તે મને ક્ષુધા અને તરસ (રોજા રાખવા)માં જણાઈ.



૮. મેં હૃદયના પ્રકાશ (નૂરાનીયત)ને શોધ્યો : તો તે મને ગહન વિચારણા અને અલ્લાહના (સામિપ્ય) કાજે રૂદન કરવામાં દેખાયો.

૯. મેં પુલેસિરાત ઉપરથી પાર ઉતરવાનો માર્ગ શોધ્યો : તો તે મને સદકો આપવામાં દેખાયો.

૧૦. મેં ચહેરો નૂરાની અને પ્રકાશિત કેવી રીતે થાય તેનું કારણ શોધવા પ્રયાસ કર્યો : તો તે મને રાત્રીની નમાઝ (નમાઝે શબ) પઢવામાં જણાયો.



૧૧. મેં જિહાદની ફઝીલત શું છે ? કયાં છે તે જાણવા પ્રયાસ કર્યો : તો તે પોતાના પત્ની-બાળકોની જીવનજરૂરીયાતની વસ્તુ મેળવવા માટે રોજી મેળવવાના કાર્યમાં દેખાઈ.



૧૨. મેં ખુદાની મિત્રતાને શોધી : તો તે ગુનાહગારોથી દુશ્મનાવટમાં દેખાઈ.

૧૩. મેં મહાનતા મેળવવા પ્રયાસ કર્યોઃ તો તે ખુદાના બંદાઓનું ભલુ ઈચ્છવામાં અને તેમના શુભની ચિંતા કરવામાં દેખાઈ.

૧૪. મેં સુખ ચેન અને મનની શાંતિની કામના કરી : તો તે ધન-દૌલતની અલ્પતા (કમી)માં દેખાયા.

૧૫. મેં કાર્યોને મુલ્યવાન બનાવવાનું કારણ શોધ્યું : તો તે ધૈર્ય અને સહનશીલતામાં દેખાયું.

(વધુ આવતા અંકે)



E-mail : hadimasik@yahoo.com

# યઝીદનો દિકરો



૨૫-રબીઉસ્સાની સને ૬૪ હિજરીમાં આજના દિવસે યઝીદ મલઊનના દીકરાએ પોતાના પિતાની હકૂમત-શાસન અને સિંહાસનને ઠોકર મારીને સત્તાનો ત્યાગ કર્યો હતો અને પોતાના બાપ અને દાદાના ખોટા કામોની લોકો સમક્ષ જાહેરાત કરી હતી. તે ૨૫ અથવા ૪૦ દિવસ સુધી રડતો રહ્યો હતો અને છેવટે ઝેર આપીને તેને મારી નાખવામાં આવ્યો હતો.

**ખાસ નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે જેનું અગાઉનું લવાજમ બાકી છે તે અને નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : ૯૮૨૪૨ ૧૬૪૭૦ |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

E-mail : hadimasik@yahoo.com




**HADI MASIK**

**Publishers : Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : 079-25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com** **Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*